# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૨/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આગમન પૂર્વે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા શહેરમાં યોજાયું સફાઈ અભિયાન.**
- **ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા પાંચ હજાર દિવડા પ્રગટાવી તાપી માતાનું વિશેષ પૂજન કરવામાં આવશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી ૧૬ મી એપ્રિલના રોજ દેશના લોકલાડીલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત ખાતે પધારી રહ્યા છે. ત્યારે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આજ રોજ શહેરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ડીંડોલી અને ઉધના ખાતે યોજાયેલા આજના સફાઈ અભિયાનમાં યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ડો. ઋત્વીજભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આવતી કાલે સુરત રેલ્વે સ્ટેશન, સરદાર પટેલની પ્રતિમા પાસે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ફોટા સાથેના પ્લેકાર્ડ સાથે લોકો પોતાનો ફોટો પડાવી શકે એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરીજનોનું આ પ્લેકાર્ડ સાથે ફોટો પાડી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમમાં પધારવા માટે વિશિષ્ટ રીતે આમંત્રણ આપવાનું કાર્યક્રમ યુવા મોરચા દ્વારા ગોઠવવામાં આવ્યો છે.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આવતી કાલે તા. ૧૩/૦૪/૨૦૧૭, ગુરૂવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે તાપી માતાની વિશિષ્ટ પૂજા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. રૂંઢ–મગદલ્લા ગામ, વી.આર. મોલની ગલીમાં, ગણપતિ વિસર્જનના ઓવારે તાપી પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આશરે પાંચ હજાર જેટલા દિવા પ્રગટાવી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે તાપી માતાની વિશિષ્ટ પૂજા ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા કરવામાં આવશે.